**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,**
છઠ્ઠો માળ, ગિફ્ટ વન, માર્ગ ૫-સી, ઝોન-૫,
ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૦૫૦, ગુજરાત.
ફોન: ૦૭૯ ૨૩૬૦ ૨૦૦૦.
ફેક્સ : ૦૭૯ ૨૩૬૦ ૨૦૫૪/૫૫
ઈ-મેઈલ એડ્રેસ: gerc@gercin.org, વેબસાઇટ: www.gercin.org

**વિદ્યુત લોકપાલની જગ્યા માટે અરજીઓ માટે આમંત્રણ**

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, વિદ્યુત લોકપાલની બે જગ્યાઓ ભરવા માટે અરજીઓ આવકારે છે (અમદાવાદ અને રાજકોટ). વિદ્યુત લોકપાલ, અમદાવાદની કચેરી ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલો માળ, સીએમટીએસ બિલ્ડીંગ, ટેલિફોન એક્ષચેન્જ, બીમાનગર, જીવનધામ રોડ, અમદાવાદ ખાતે આવેલી છે અને વિદ્યુત લોકપાલ, રાજકોટની કચેરી "જિલ્લા સેવા સદન-૩", ત્રીજો માળ, બ્લોક નં.૧, ગવર્નમેન્ટ પ્રેસ રોડ, રાજકોટ ખાતે આવેલી છે.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૯ મુજબ, નીચેની કક્ષાની વ્યક્તિઓ લોકપાલ તરીકે નિમણૂક માટે પાત્ર ગણાશે.

(૧) નિવૃત્ત જીલ્લા ન્યાયાધીશ અથવા (૨) રાજય સરકારના નિવૃત્ત સચિવ અથવા (૩) રાજય કક્ષાએ ઓછામાં ઓછા ૩ વર્ષ માટે કોઈપણ વૈધાનિક અર્ધ-અદાલતની સંસ્થાના સભ્ય કે અધ્યક્ષ હોદ્દો ધરાવતી કોઈ પણ વ્યક્તિ અથવા (૪) વીજળીના ઉદ્યોગમાં ખાસ કરીને વીજ-વિતરણનો અનુભવ ધરાવતા નિવૃત્ત મુખ્ય ઈજનેર કે સમકક્ષ અધિકારી (૫) ૩૦ વર્ષનો વિદ્યુત ક્ષેત્રનો યાંત્રિક/વાણિજિયક વિષયોનો અનુભવ ધરાવતી વ્યક્તિઓ કે જેઓ ઓછામાં ઓછો ત્રણ વર્ષનો કેન્દ્ર કે રાજય વિદ્યુત નિયંત્રક આયોગનો અનુભવ ધરાવતા હોય.

વિદ્યુત લોકપાલ ગુજરાતી ભાષામાં કામ કરી શકે એ પ્રાધાન્ય છે.

લોકપાલ ૩ વર્ષની મુદ્દત માટે હોદ્દો ધરાવશે. વધુમાં વધુ ૨ (બે) વર્ષ સુધી આ મુદ્દત વધારી શકાશે. ૬૫ વર્ષથી વધુ ઉંમરની કોઈ વ્યક્તિ લોકપાલ તરીકે નિમાશે નહીં.

લોકપાલનું મહેનતાણું એકત્રિત રૂ.૯૦,૦૦૦/- પ્રતિ માસ રહેશે વત્તા પરિવહન સુવિધા આપવામાં આવશે.

રસ ધરાવતા અને પાત્ર ઉમેદવારો પોતાની જન્મ તારીખ, શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાતો તથા અનુભવ દર્શાવતા સંપૂર્ણ બાયો-ડેટા સાથે તેમજ અમદાવાદ/રાજકોટ પૈકી પસંદગીની કાર્ય સ્થળ પ્રાથમિકતા દર્શાવીને સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગિફ્ટ વન, માર્ગ ૫-સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર – ૩૮૨ ૦૫૦ ને અરજી કરી શકશે.

અરજી જમા કરાવવાની છેલ્લી તારીખ ૦૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ રહેશે.

સહી/-

**ગાંધીનગર** **(રંજીથકુમાર જે, આઈ.એ.એસ.)**

**તા.૧૨/૦૧/૨૦૨૬** **સચિવ, જીઈઆરસી**